# ગુજરાતી Gujarati (Class-X) Marking Scheme : 2019-20

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | **Section- A (Advanced Reading Skill)** | Total : 20 |
| ૧. | [અ] | **ગદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)**<br>જવાબ:<br>(1) ત્રણ અંકવાળું<br>(2) ગિલ્લીદંડા અને ગેડીદડા<br>(3) રંગલીલામાં<br>(4) કમળની પાંખડી જેવા<br>(5) કડવું ઝેર જેવુ | 1X5 = 5 |
| ૧. | [આ] | **ગદ્યસમીક્ષાના ઉત્તરો**<br>જવાબ:<br>(1) પ્રાચીનકાળમાં તપોવનો આશ્રમોથી ભરેલાં રહેતાં હતાં.<br>(2) સાંદીપની ઋષિ અને બીજા અનેક પ્રસિધ્ધ વિદ્યાગુરુની પાસે અનેક શિષ્યો અભ્યાસ અર્થે આવતાં હતાં.<br>(3) વિધાર્થીઓ શિક્ષણકાળ દરમિયાન ગુરુના ઘરમાં વસતા,કાષ્ટસંચય કરતાં ,ગાયો ચરાવતાં, ભિક્ષા માગતા અને ગૃહકાર્ય કરતાં અને તેમના ચરણે બેસીને વિનય અને ભાવપૂર્વક જ્ઞાન ગ્રહણ કરતાં હતા.<br>(4) શિષ્યો જ્ઞાન પ્રાપ્ત કર્યા પછીઅનુભવની કસોટીએ પસાર થતાં હતાં.<br>(5) પ્રવાસ કરવો અથવા યાત્રા કરવી અથવા ભ્રમણ કરવું. | 1X5 = 5 |
| | | | |
| ૧. | [ઇ] | **પદ્યસમીક્ષાના ઉત્તરો (વૈકલ્પિક)**<br>જવાબ:<br>(1) મનના દરવાજા બંધ કરીએ ત્યારે<br>(2) ડુંગર જેવું<br>(3) રૂઠે ત્યારે<br>(4) હોઠ પર પ્રેમ અને કરુણા હોય ત્યારે<br>(5) તપતા રણ જેવું | 1X5 = 5 |

| | | | |
|---|---|---|---|
| ૧. | [ઈ] | **પદ્યસમીક્ષાના ઉત્તરો**<br>જવાબ:<br>(1) રસ્તામાં ઘાયલ પડેલા માણસને સૌપ્રથમ હોસ્પિટલ પહોચાડવો જોઈએ.<br>(2) વૃક્ષો પોતાની પાંદડીઓથી રાત-દિવસ એક લીલું ગીત ગાય છે.<br>(3) કોઈ વ્યક્તિ પર હુમલો થયો હોય તો કોર્ટમાં જુબાની આપતા અમથો (સજ્જન) માણસ અચકાતો નથી.<br>(4) થોડોક અમથો માણસવૃદ્ધો પાસે બેસતાં કંટાળતો નથી.<br>(5) આકાશ નક્ષત્રોના ઝગમગાટમાં એક દીપ્ત વાક્ય લખે છે, | 1X5 = 5 |
| **ક્રમ** | **પ્રશ્ન** | **ઉત્તરના મુદ્દા** | **ગુણ વિભાજન** |
| | | **Section –B (Effective Writing Skill)** | **Total : 25** |
| ૨. | [અ] | કોઈ પણ એક વિષય પર ૨૦૦શબ્દોમાં નિબંધલેખન<br>- પ્રસ્તાવના ૧<br>- વિષયવસ્તુ 3<br>- ભાષા અભિવ્યક્તિ ૧<br>- ભાષા શુદ્ધિ અને વાક્ય રચના ૨<br>- ઉપસંહાર ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો.<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>- વિષયાંતર ન થાય તેની કાળજી રાખવી<br>- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણી શુદ્ધ અને ભાષા શૈલી પ્રત્યે કાળજી | 8X1 = 8 |
| ૨. | [આ] | આપેલા મુદ્દાને આધારે વાર્તાલેખન :<br>- શીર્ષક : લાલચનું પરિણામ (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય)<br>- બોધ : ખરાબ કાર્યનું પરિણામ ખરાબ જ મળે છે.(વાર્તાને આધારે બોધ આવકાર્ય છે.)<br>- ભાષા શૈલી અને ભાષા શુદ્ધિ ૧<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન 3<br>- શીર્ષક ૧ | 6X1 = 6 |

| | | | |
|---|---|---|---|
| | | - બોધ ૧<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં જ લખવી.<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી.<br>- ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી<br>- મુખ્ય પાત્ર,પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક આપવું અને લખવો. | |
| ૨. | [ઇ] | ઉનાળાની રજામાં ટ્રેકીંગ કેમ્પમાં જવા માટેની પરવાનગી માગતો પત્ર તમારા પિતાને લખો.<br>- સરનામું અને તારીખ ૧.૫<br>- સંબોધન અને અભિવાદન ૧<br>- વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>- સમાપન અને લિખિતંગ ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (internationalMethod) નવી પધ્ધતિ પ્રમાણે પત્રલેખન લખવું.<br>- પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>**અથવા**<br>ચોમાસાને લીધે શહેરના રસ્તામાં પડેલા ખાડાઓની સમસ્યા દૂર કરવા મહાનગર સેવા સદનને પત્ર લખો.<br>- સરનામું અને તારીખ ૧.૫<br>- સંબોધન અને અભિવાદન ૧<br>- વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ ૨.૫<br>- સમાપન અને લિખિતંગ ૧<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (internationalMethod) નવી પધ્ધતિ પ્રમાણે પત્રલેખન લખવું. | 6X1 = 6 |

| | | | |
|---|---|---|---|
| | | - પત્રલેખનમાં સ્વભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યાવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે. | |
| ૨. | [ઈ] | 'જીવનમાં રમતનું મહત્ત્વ' વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટીકલ લખો.<br>- વિષયવસ્તુ 3.5<br>- ભાષા શુદ્ધિ 1.5<br><br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને આર્ટીકલ લેખન લખવું.<br>- વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>- જોડણી શુદ્ધિ અને ભાષા શૈલી પ્રત્યે કાળજી<br>**અથવા**<br>'પાણી બચાવો' પર સચિત્ર જાહેરાત બનાવો.<br>- ચિત્રાત્મક રજૂઆત ૧.૫<br>- સૂત્રાત્મક રજૂઆત ૧<br>- સમગ્ર પ્રસ્તુતિકરણ ૨.૫<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.<br>- ચિત્રાત્મક રજૂઆત<br>- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>- ટૂંકી અને આકર્ષક રજૂઆત<br>- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | 5X1 = 5 |
| **ક્રમ** | **પ્રશ્ન** | **ઉત્તરના મુદ્દા** | **ગુણ વિભાજન** |
| | | **<u>Section –C (AppliedGrammar)</u>** | **Total : 20** |
| 3 | [અ] | રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ<br>(1) જીવમાં જીવ આવવો – ભય જતાં સ્થિરતા અનુભવવી, ચિંતા દૂર થવી.<br>વા. : વરસાદ આવતાં જીવમાં જીવ આવ્યો.<br>(2) રસ્તો કાઢવો: ઉપાય શોધવો | 1X3 = 3 |

| | | | |
|---|---|---|---|
| | | વા. : વિધવા બા મુશ્કેલીમાં રસ્તો કાઢતી હતી.<br>(3) ગળગળું થઈ જવું : રડું રડું થઈ જવું.<br>વા. : દીપકને જોઈને માતા ગળગળી થઈ ગઈ.<br>(4) આંખ ન ઉઘડવી: સાવધાન કે સતેજ થઈ જવું, જાગવું<br>વા. : જેઠીબાઈએ પ્રજાની આંખો ઉઘાડી નાખી હતી. | |
| 3 | [આ] | નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો :<br>(1) અત્યંત : અતિ + અંત<br>(2) પરીક્ષા : પરિ + ઈક્ષા<br>(3) દુરાચાર : દુઃ+ આચાર | 1X2 = 2 |
| 3 | [ઇ] | બે સમાનાર્થીશબ્દો લખો :<br>(1) ઘોડો : અશ્વ, હય<br>(2) પ્રશંસા : સ્તુતિ, વખાણ<br>(3) કષ્ટ : પીડા, દુઃખ<br>(4) ડુંગર : પહાડ, પર્વત | 1X2 = 2 |
| 3 | [ઈ] | સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો.<br>(1) કોઈપણ ક્ષેત્રે સોપાનો સર કરવાનું કામ સહેલું નથી. (વિધિ વાક્ય)<br>જવાબ: કોઈ પણ ક્ષેત્રે સોપાનો સર કરવાનું કામ અઘરું છે.<br>અથવા<br>કોઈ પણ ક્ષેત્રે સોપાનો સર કરવાનું કામ સહેલું છે.<br>(2) કસરત કરવાથી મને ફાયદો થયો. (નિષેધ વાક્ય)<br>જવાબ : કસરત કરવાથી મને ફાયદો ન થયો.<br>અથવા કસરત કરવાથી મને નુકસાન ન થયું. | 1X2 = 2 |
| 3 | [ઉ] | નીચેના વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારી ફરી લખો.<br>(1) સુરજ સવાડે ઊગે છે<br>જવાબ : સૂરજ સવારે ઊગે છે.<br>(2) મને બધી ભાશા આવડતો નથી.<br>જવાબ : મને બધી ભાષા આવડતી નથી. | 1X2 = 2 |
| 3 | [ઊ] | સૂચના મુજબ કાળ પરિવર્તન કરો.<br>(1) બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો ( ભવિષ્યકાળ)<br>જવાબ : બલાઈ તેના કાકીને પત્ર લખશે.<br>(2) સીમા ટેબલ-ટેનિસ રમવા ગઈ હતી.(વર્તમાનકાળ) | 1X3 = 3 |

| | | | |
|---|---|---|---|
| | | જવાબ : સીમા ટેબલ –ટેનિસ રમવા ગઈ છે.<br>(3) અમે બધાં તમારી સાથે જ છીએ. (ભૂતકાળ)<br>જવાબ : અમે બધા તમારી સાથે જ હતાં. | |
| 3 | [એ] | સૂચના પ્રમાણે કરો.<br>(1) દુનિયામાં સારા માણસોની ખૂબ જરૂર છે. ( અનુગ શોધીને લખો.)<br>અનુગ: માં, ની<br>(2) હું થોડા દિવસ માટે મુંબઈ જવાની છું. (નામયોગી શોધીને લખો.)<br>નામયોગી : માટે | 1X2 = 2 |
| 3 | [ઐ] | નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.<br>(કોઈપણ ત્રણ)<br>(1) ધૂમરી લઈ વાતો ભારે પવન : વંટોળ<br>(2) પાણીમાં ઉત્પન્ન થતાં વલયો : વમળ<br>(3) જાણવાની ઇચ્છા : જીજ્ઞાસા<br>(4) વૃંદાથી ભરેલું વન : વૃંદાવન | 1X3 = 3 |
| **ક્રમ** | **પ્રશ્ન** | **ઉત્તરના મુદ્દા** | **ગુણ વિભાજન** |
| | | **<u>Section – D (Literature)</u>** | **Total : 15** |
| 4. | [અ] | નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.<br>(ક) દીપકની માતાનું નામ મેનાબેન અને પિતાનું નામ સર અમલ દેરાસરી હતું.<br>(ખ) ઊર્મિ દીપકના ઓશીકાની બીજી બાજુએ લપાઈને ઊભી હતી અને ભાઈના મોઢા તરફ એકીટશે જોઈ રહી હતી. | 1X3 = 3 |
| 4. | [આ] | નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ થી ચાર વાક્યોમાં લખો.(કોઈપણ બે )<br>- વિષયવસ્તુ 1.5<br>- જોડણી, ભાષા શુદ્ધી 0.5<br>(ક) મજૂરો જે દિવસે ઘાસ કાપવા આવે ત્યારે એ બલાઈનો સૌથી વધુ દુ:ખનો દિવસ બનતો.બલાઈ તેની કાકીને કહેતો,‘ પેલા મજૂરોને કહોને, મારા આ વૃક્ષો ન કાપે ! ’ ત્યારે કાકી કહેતી ,‘બલાઈ, તું કેવી ગાંડા જેવી વાત કરે છે! આ બધું તો જંગલ છે, એ સાફ કર્યા વિના ચાલશે કેવી રીતે ?’ | 2X2 = 4 |

| | | | |
|---|---|---|---|
| | | (ખ) સિક્યોરિટી ઓફિસરે લેખક અને તેમના મિત્રો પાસેથી ૫૦યુરોનો દંડ વસૂલ કરીને પછી કડક શબ્દોમાં કહ્યું,'તમને જોઈતું હોય તેટલું જ, તમે ખાઈ શકતા હો તેટલું જ મંગાવો. પૈસા તમારા છે પણ સાધન-સામગ્રી તો બધી સમાજની છે. દુનિયામાં હજી એવા ઘણા લોકો છે જે આ બધી સાધન-સામગ્રીના તીવ્ર અભાવથી પીડાય છે. માટે આ સાધન-સામગ્રીનો જરાય બગાડ કરવાનો તમને કોઈ હક નથી.'<br><br>(ગ) તાજમહેલ અદ્દભુત છે છતાં સર્વજ્ઞભાઇએ તાજમહેલ જોયો જ નથી.તેમને તાજમહેલમાં ગજબ જેવું કશું જ લાગતું નથી.તેઓ કહે છે કે "એક માણસ ચૌદમી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ આ રીતે પૈસા બરબાદ કરે એ વાત જ આપણને પસંદ નથી. બીજો કોઈ સમજુ માણસ હોય તો બૈરી પાછળ આખું આગ્રા શહેરને જમાડે કે પછી તેની યાદમાં તાજમહહેલ જેવી કોઈ મોટી હોટેલ બાંધે....લાખો રૂપિયા ખરચીને તેણે બાંધી તો એક કબર જ ને !". | |
| 4. | [ઇ] | નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર જવાબ લખો.<br>- વિષયવસ્તુ 2<br>- જોડણી, ભાષા શુદ્ધી 1<br>(ક) 'શરણાઈના સૂર' વાર્તામાં લેખક શ્રી.ચુનીલાલ મડિયાએ રમઝૂ મીરના પાત્ર દ્વારા એક પિતાની વેદનાનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.<br>રમઝૂ મીર એક શરણાઈવાળો હતો. તેની પુત્રી સકીના નાની હતી ત્યારે જ તેની પત્નીનું મૃત્યુ થયું. રમઝુએ સકીનાને માતા-પિતાનો પ્રેમ આપી ખૂબ જ લાડકોડથી મોટી કરી. પોતાની પુત્રીને જરાપણ ઓછું ન આવે તેનું તે ખાસ ધ્યાન રાખતો હતો. સકીના મોટી થઈ, તેને પરણાવી. પરંતુ સાસરે ગયા પછી આઠમે દિવસે જ તેનું મૃત્યુ થયું. જેનું કારણ તે જાણી શક્યો નહીં. દિવસો સુધી તો તે અવાક જ રહ્યો.<br>જ્યારે ગવરીના લગ્ન હતા ત્યારે તે શરણાઈ વગાડવા ગયો. ગવરીની વિદાય વેળાએ પણ તેને સતત સકીનાનું જ સ્મરણ થતું હતું. શરણાઈના સૂરમાં તે પોતા ના હૃદયની વેદના વ્યક્ત કરતો હતો. કબ્રસ્તાન આવતા જ પોતાને દાદમાં મળેલી બધી જ ભેટ ગવરીને આપીને પોતે | 1X3 = 3 |

| | | | |
|---|---|---|---|
| | | કબરસ્તાનમાં જતો રહે છે.<br><br>(ખ) 'પ્રયાણ'નવલકથા ખંડ ગુજરાતીની પ્રસિદ્ધ હાસ્યનવલકથા 'ભદ્રંભદ્ર'માંથી લેવામાં આવ્યો છે. ભદ્રંભદ્ર અને તેમના શિષ્યને મુંબઈ જવાનું થાય છે તે ઘટનામાંથી ભદ્રંભદ્રની વિચિત્રતાઓ , જૂનવાણી ખ્યાલો અને સંસ્કૃતપ્રધાન ભાષાના પ્રયોગથી રમૂજ નિપજે છે.<br>જ્યારે ભદ્રંભદ્ર તેમના શિષ્ય મુંબઈ જવા પ્રયાણ કરે છે ત્યારે પોતાના ઉમંગ અને ઉલ્લાસને સરખાવવા વૈદિક ગ્રંથોના પાત્રોના જે ઉદાહરણ આપે છે તે રમૂજ ઉપજાવે છે. રેલ્વે સ્ટેશને ટિકિટ કઢાવવા ગયા ત્યારે તેમણે કહ્યું ,"શ્રી મોહમયીની બે મૂલ્યપત્રિકા આપો" તેમજ યવન, અજ્ઞ, વિતરણ, તવ, કર્તવ્ય જેવા સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કરે છે જ્યારે બે પ્રવાસીઓ પોતાનો પરિચય આપે છે અને તેમના ઘરના નામ વિષે કહે છે કે ઘરમાં તેમના નામ નખોદીઓ અને ઘરખોદીઓ છે . છોકરાઓ ન જીવે તેથી માબાપે એવા નામ પાડેલા. એ ઘટના પણ હાસ્ય ઉપજાવે છે.<br><br>(ગ)સહકારી ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે 'અમૂલ ડેરી'ના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદૃષ્ટા હતા, તો ડો.કુરિયન સ્વપ્નશિલ્પી હતા.<br>આ બંને પ્રણેતાઓએ એકબીજાના સાથ-સહકારથી ડેરીનો ખૂબ વિકાસ કર્યો. ડો.કુરિયને ખેડૂતોએ પોતાનાં ઢોરના દૂધ વેચાણમાં અન્ય વેપારીઓ કે દલાલો પર નિર્ભર ન રહેતા સહકારી પદ્ધતિ અપનાવવાની પ્રવૃત્તિને વેગ આપ્યો. આણંદ અમૂલ ડેરીની પ્રગતિ જોઈને સરકારના સહકારથી કુરિયાને આણંદ મોડેલ મુજબ માત્ર ગુજરાતમાં જ નહીં ભારતમાં ઘણાં બધા રાજ્યોમાં દૂધ એકત્રીકરણની યોજના શરૂ કરી. આ સફળતા બાદ ભારત સરકારની વિનંતી માન્ય રાખીને ડો.કુરિયને ત્રિભુવનદાસ પટેલ અને અન્ય વ્યક્તિઓના સહકારથી 'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ' ની સ્થાપના કરી.<br>આમ એન.ડી.ડી.બી. સંસ્થાના સ્થાપક અને ચેરમેન તરીકે ડો.કુરિયને ૩૩ વર્ષ સુધી સેવાઓ આપી. | |
| | | | |
| ૫. | [અ] | નીચે આપેલી પંક્તિઓ વાંચી આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.<br>(ક)પોતાની ઉત્તરોત્તર પ્રગતિ થતી હોય છતાં તે પ્રગતિથી છકી ન જતો હોય, વિવેકી બનીને વર્તન-વ્યવહાર કરનાર માણસ સભામાં બેસવાને લાયક છે એમ કવિ કહેવા માંગે છે. | 1X2 = 2 |

| | | | |
|---|---|---|---|
| | | (ખ)દાન અલગ અલગ પ્રકારના હોય છે. એક હાથે કરેલ દાનની જાણ બીજા હાથને પણ ન થવી જોઈએ આ પ્રકારના ગુપ્તદાનને કવિ ઉત્તમ માને છે. | |
| ૫. | [ઇ] | નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ બે થી ત્રણ વાક્યોમાં લખો.<br>- વિષયવસ્તુ 1.5<br>- જોડણી, ભાષા શુદ્ધી 0.5<br>(ક)જે સત(સત્યની) કંટાળી કેડી ઉપર ચાલી રહ્યા છે. એમના માટે કવિ પુષ્પ બનીને પથરાવવા માંગે છે.<br>(ખ) વરસાદ વરસવાથી સમગ્ર પ્રકૃતિમાં નવસંચાર થઈ જાય છે. વરસાદ પડવાથી પ્રકૃતિના બધાં જીવોમાં જીવ આવી જાય છે. વરસાદના ફોરાં પડવાથી પવન-ડમરી ઠરીઠામ થઈ જાય છે. હાંફી ગયેલાં પક્ષીઓ આનંદમાં આવી જાય છે. તાપમાં રાફડામાં ખદબદી રહેલી કીડીઓ આનંદભેર વૃક્ષના થડે ચઢવા લાગે છે. આમ વરસાદ વરસવાથી પ્રકૃતિ ઉપર નવસંચાર થયો હોય એવું લાગે છે. | 1X2 = 2 |
| ૫. | [ઈ] | નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બે પ્રશ્નોનાં જવાબ એક-એક વાક્યમાં લખો.<br><br>(ક) 'હાથ મેળવીએ' કવિતાના કવિનું નામ નિરંજન ભગત છે.<br>(ખ) કડવા લીમડાની છાયા શીતળ હોય છે.<br>(ગ) જિંદગીની આગને બાગમાં ફેરવી નાખવાની કવિ વાત કરે છે.<br>(ઘ)કૃષ્ણ વૃંદાવનની કુંજગલીઓમાં થનક થનક થૈ નાચે છે. | 1X2 = 2 |